# શહેરમાં સતત બીજા દિવસે કોલ્ડવેવ : પારો ૧૨ ડિગ્રી

**પવનની ગતિ ઘટતા શહેરમાં ઠંડીમાં નજીવી રાહત : કાતિલ ઠંડીથી શહેરીજનોને થોડીક રાહત મળી જો કે હજુ પારો ૧૨ ડિગ્રીએ રહેતા જનજીવન પર ઠંડીની અસર જોવા મળી રહી છે**



ગાંધીનગર, તા.૨૯

સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીની અસર હેઠળ આવી ગયું છે. દિલ્હી સહિતના કેટલાક વિસ્તારોમાં તો હાડ થીજવતી ઠંડી પડી રહી છે. આકરી ઠંડીની અસર સમગ્ર ગુજરાત પર પણ જોવા મળી રહી છે. ગઈ કાલે ગાંધીનગરમાં સિઝનની રેકોર્ડ બ્રેક ઠંડી પડી હતી અને પારો ૧૦ ડિગ્રી ગગડી ગયો હતો. જો કે આજે ઠંડા પવનો બંધ થતાં ઠંડીમાં રાહત મળી હતી.

ઉત્તર ભારતમાં ફેલાયેલા કોલ્ડવેવની અસર ગુજરાત પર થઈ રહી છે. છેલ્લા બે દિવસથી પવનની ગતિ વધુ રહેતા ઠંડીની અસર વધુ વર્તાઈ હતી. ઠંડા પવનોના કારણે એક તબક્કે તો લઘુત્તમ તાપમાન સડસડાટ નીચે ઉતરી ગયું હતું. તાપમાનનો પારો ૧૦ ડિગ્રીએ જઈને અટકયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ૫૭ ટકા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લાનો સપ્ટેમ્બર ૧૯ના અંતે પૂર્ણ થતા ત્રિમાસિક ગાળાને અંતે ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ૫૬.૮૭ ટકા નોંધાયો છે જે ત્રિમાસિક ગાળાના અગાઉના રેસિયા કરતાં ૪.૬૮ ટકા ઓછો છે.

જિલ્લાની બેંકર્સ કન્સલટેટીવ કમિટીની અધિક નિવાસી કલેકટર એચ.એન. જાડેજાના અધ્યક્ષપદે તાજેતરમાં મળેલ બેઠકમાં આ વિગતો બહાર આવી છે.

જિલ્લામાં ડીપોઝીટસ વધી પરંતુ ધિરાણમાં ઘટાડો નોંધાતા આ ક્રેડીટ ડીપોઝીટ રેસિયામાં ઘટાડો જોવા મળ્યો છે. સામાન્યતઃ જે રેસિયો હોવો જોઈએ તેના કરતાં પણ ઓછો રેસિયો જણાતાં અધિક નિવાસી કલેકટર શ્રી જાડેજાએ નારાજગી વ્યકત કરી ધિરાણ વૃધ્ધિ પર ધ્યાન આપવામાં આવે તેમ સ્પષ્ટ જણાવ્યું હતું.

ધિરાણમાં ગત ત્રિમાસીક ગાળામાં ૧.૪૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે તે ચિંતાનો વિષય બને છે તેમ કહી તેમણે નારાજગી વ્યકત કરી હતી. ખાસ કરીને કૃષિ વિષયક ધિરાણમાં ૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

**ત્રીજા ત્રિમાસિક ગાળામાં ડિપોઝીટ વધી પણ ધિરાણ ઘટયું : કૃષિ, લઘુ-મધ્યમ ઉધોગોનું ધિરાણ ઘટયું સરકારની કલ્યાણકારી યોજનાઓમાં બેંકો નકારાત્મક અભિગમ છોડે : જાડેજા**

શ્રી જાડેજાએ એમ.એસ.એમ.ઈ. સેકટરમાં પણ વિતેલા ત્રિમાસિક ગાળાની તુલનામાં ૩ ટકાનો ઘટાડો એ પણ ચિંતાનો વિષય લેખાવ્યો હતો. તેમણે સિંગલ ડીજીટ ક્રેડિટ રેસિયો ધરાવતી બેંકો ધિરાણ માટે ઉત્સાહ દાખવે તેમ સ્પષ્ટ કહ્યું હતું. જિલ્લામાં સાતથી વધુ બેંકોનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયો સીંગલ ડિઝીટમાં જોવા મળ્યો છે.

આ બેઠકમાં પ્રધાનમંત્રીની ફલેગશીપ યોજના મુદ્દામાં પણ ઓછા ધિરાણની વિગતોથી જિલ્લા તંત્ર એ નારાજગી વ્યકત કરી હતી. આ ઉપરાંત રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓમાં પણ લક્ષ્યાંક સિધ્ધી ન થઈ હોવાથી ધિરાણ માટેના નકારાત્મક અભિગમને છોડવામાં આવે અને બેંકો હકારાત્મક અભિગમ દાખવે તેવો આગ્રહ કર્યો હતો.

શ્રી જાડેજાએ હાઉસીંગ ક્ષેત્રમાં પણ ઓછા ધિરાણને લઈ સખ્ત નારાજગી જાહેર કરી હતી. વાજપેયી બેંકેબલ રોજગાર યોજનામાં પણ બેંકોની નકારાત્મકતાને લઈ તેમણે આકરી ટકોર આ બેઠકમાં કરી હતી.

તેમણે કહ્યું કે કેટલીક બેંકો દ્વારા જે વિગતો સમયસર મોકલવી જોઈએ તેમાં ઉદાસીનતા દાખવે છે તે યોગ્ય નથી. ઘણી બધી બેંકોના ધિરાણ કે ડિપોઝીટ સહિતની વિવિધ કામગીરીના અહેવાલો સમયસર મળે તે જરુરી છે. કિલટન ક્રેડીટ કાર્ડમાં પણ ધીમી ગતિ એ સારી બાબત નથી અને તેની તંત્ર એ ગંભીર નોંધ લીધી હતી.

બેંક ખાતા સાથે આધાર સીડીંગ માટે જિલ્લાની પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદગી થયેલ છે. પરંતુ સંખ્યાબંધ બેંક ખાતાઓની હજુ સુધી લીડીંગની જે કાર્યવાહી થવી જોઈએ તે થઈ નથી. આ પરિસ્થિતિને કારણે ડાયરેકટર બેનીફીટ ટ્રાન્સફર સ્કીમના અમલીકરણમાં પણ વિલંબ થઈ રહ્યો છે. આ બેઠકમાં ગ્રામીણ વિસ્તારમાં બેંકીંગ સેવાઓ સઘન કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી જનધન યોજનામાં વધુને વધુ ખાતાઓ ખુલે તેને લઈ વિસ્તૃત ચર્ચાઓ આ બેઠકમાં થઈ હતી.

આ બેઠકમાં નાબાર્ડના ડી.ડી.એમ. નિરજકુમાર સિંહ, બેંક ઓફ બરોડના એ.જી.એમ. મનીષ પલાન, રિઝર્વ બેંકના શીલાદેવી, આર. શેટ્ટીના ડાયરેકટર પ્રદીપ ઘોઘારા, એલબીઆઈની રિજીયન ઓફિસના શ્રીઅક્ષય દાસ, લીડ બેંક મેનેજર સુરેશ બારૈયા સહિત વિવિધ બેંકોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



વાદળછાયું વાતાવરણ - ૨૦મી સદીના અંતિમ ચરણમાં વાતાવરણ વારંવાર વળાંક લે છે... ક્યારેક ગરમીનો પ્રકોપ, તો ક્યારેક ઠંડીનો ચમકારો, તો ક્યારેક વરસાદી છાંટણા, તો ક્યારેક વાદળછાયું વાતાવરણ... શિયાળાની સવારે તો કડકડતી ઠંડીમાં આકાશ તરફ નજર માંડીએ તો વાદળોથી ઘેરાયેલું આકાશ નજરે પડે છે... પરંતુ રવિવારની બપોરે શહેરના સ્વર્ણિમ પાર્ક પરથી આકાશની લેવાયેલી તસવીર વાદળોથી ઘેરાયેલી હતી... શીત પવનથી લહેરાતા વૃક્ષોની વચ્ચે અવનવા દશ્યો પ્રતિબિંબ કરતી આકાશની સૌમ્ય તસવીર નયનરમ્ય બની હતી... આ તસવીર સમક્ષ માત્ર એક મિનિટ આપણી હૃદયની ઉર્મિઓ સાથે આંખને કેન્દ્રિત કરીએ તો બોલી જવાય...કે વાહ કુદરત.... કેવો પ્રકૃતિ વૈભવ ગાંધીનગરને આપ્યો છે...

## કોંગ્રેસના નેતા ડી. એમ. પટેલ ભાજપમાં જોડાયા

અમદાવાદ, તા.૨૯

ગુજરાતમાં કોંગ્રેસ પાર્ટીમાં ફરી એકવાર ભંગાણ થયું છે. બોટાદ જિલ્લા કોંગ્રેસ પૂર્વ પ્રમુખ ડી. એમ. પટેલે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દેતાં સ્થાનિક રાજકારણ ગરમાયું હતું. ડી. એમ. પટેલે કોંગ્રેસમાંથી સતત ઉપેક્ષા થતી હોવાના આક્ષેપો સાથે રાજીનામું આપ્યું હોવાની વાત સામે આવી રહી છે. રાજીનામાથી રાજકારણમાં ગરમાવો જોવા મળ્યો હતો. ડી. એમ. પટેલ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કર્યો હતો. ડી. એમ. પટેલે પોતાના રાજીનામામાં લખ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીને નબળી પડવાના કામ કરતા શખ્સોને પ્રોત્સાહન આપવાની નીતિથી નારાજ થઈને હું કોંગ્રેસના તમામ પ્રદેથી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિમાંથી રાજીનામું આપું છું.

# ગાંધીનગરના પૂર્વ કલેકટર અને જૈન અગ્રણી સૂર્યકાન્ત મહેતાનું અવસાન

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના પૂર્વ કલેકટર અને ગાંધીનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના સંઘ મોભી, તપોવનના ટ્રસ્ટી તથા જૈન સોશ્યલ ગ્રૂપના ગાંધીનગરના સ્થાપક એવા અનેક સેવાકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સૂર્યકાન્તભાઈ મહેતા આજે રવિવારે અરિહંત શરણ પામ્યા હતા.

સ્વર્ગસ્થની અંતિમ યાત્રા સોમવારે સવારે ૮.૩૦ કલાકે સે-૭ ખાતેના તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૨૨૯થી નીકળી સે-૩૦ના મુકિતધામ ખાતે લઈ જવાશે.

સ્વ. સૂર્યકાન્ત મહેતાએ સનદી અધિકારી તરીકે પણ એક આગવી ઓળખ ઉભી કરી હતી. ગાંધીનગર શહેરના વિકાસ માટે તેમણે આગવું યોગદાન આપ્યું હતું.



ગાંધીનગર શહેરમાં વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે પણ તેઓ સક્રિય રીતે સંકળાયેલા હતા. જૈન સમાજની પ્રવૃત્તિઓના વ્યાપ વધારવામાં તેમનું યોગદાન પણ નોંધનીય રહ્યું હતું. સાદગી, સાલસતા એ તેમની આગવી ઓળખ હતી. વાંચનનો ભારે શોખ તેઓ ધરાવતા હતા. આ ઉપરાંત કયારેક સંગીતને પણ માણતા હતા. તેઓ સામાજિક સેવાઓમાં સદા અગ્રેસર રહી સૌને સતત માર્ગદર્શન આપતા હતા. તેમના અવસાનના સમાચાર આજે જૈન સમાજમાં પ્રસરતાં જૈન પરિવારોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

# ઉનાવા બેઠકના ચૂંટણી જંગમાં ૬૭ ટકા મતદાન

**સામાન્ય ચૂંટણી કરતાં સાત ટકા વધારે મતદાન નોંધાયું : ઉનાવામાં ૭૪ ટકા, પીંડારડામાં ૫૮ ટકા તો પીંપળજમાં ૫૩ ટકા મતદાન નોંધાયું : મંગળવારે મતગણતરી**







**કયા બુથમાં કેટલું મતદાન**

| મતદાન મથક | મતદાન |
|---|---|
| ઉનાવા-૧ | ૮૧.૬ |
| ઉનાવા-૨ | ૭૯.૨ |
| ઉનાવા-૩ | ૬૮.૪ |
| ઉનાવા-૪ | ૭૪.૫ |
| ઉનાવા-૫ | ૬૮.૮ |
| ઉનાવા-૬ | ૭૩.૫ |
| પીંડારડા-૧ | ૫૮.૭ |
| પીંડારડા-૨ | ૫૮.૯ |
| પીંપળજ-૧ | ૫૫.૩ |
| પીંપળજ-૨ | ૫૧.૫ |
| પીંપળજ-૩ | ૫૫.૧ |
| કુલ | ૬૭.૦ ટકા |

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર તાલુકા પંચાયતની ઉનાવા બેઠકની પેટા ચૂંટણીમાં આજે ૬૭ ટકા જેટલું ભારે મતદાન થયું છે. આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પ્રક્રિયા સંપન્ન થતાં તંત્ર એ રાહતનો દમ લીધો છે.

સભ્યના અવસાનથી ખાલી પડેલી આ બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો જંગ હતો અને તેથી જ જિલ્લા સંગઠ્ઠનના મહારથીઓ બંને પક્ષનાઓએ ઉનાવામાં ધામા નાખ્યા હતા.

આજે સવારે ૮ વાગ્યાથી ધીમી ગતિએ મતદાનનો આરંભ થયો હતો પરંતુ બપોરે બાર વાગ્યા પછી તેમાં ભારે ગતિ આવી હતી. પાંચ થી ૧૦ ના ટોળામાં જ મતદારો મતદાન મથક પર પહોંચ્યા હતા અને તેથી મતદાન મથકોમાં છેલ્લે સુધી લાઈનો જોવા મળી હતી.

સામાન્ય ચૂંટણી કરતાં એક જ બેઠકની પેટા ચૂંટણી હોવાથી આગેવાનો અને કાર્યકરોની સક્રિયતાને લઈ મતદાનમાં સાત થી ૮ ટકા જેટલો વધારો જોવા મળ્યો છે. આ ચૂંટણી માટે નોંધાયેલા ૯૫૬૦ મતદારો પૈકી ૬૪૦૮ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

આ પેટા ચૂંટણીમાં ઉનાવા, પીંડારડા અને પીંપળજ ગામોની બેઠક બનેલી છે. જેમાં ઉનાવા ખાતે ૭૪.૩૩ ટકા, પીંડારડામાં ૫૮.૦૮ ટકા અને પીંપળજ ખાતે ૫૩.૯૬ ટકા જેટલું મતદાન નોંધાયું હતું.

બંને ઉમેદવારો ઉનાવા ગામના હોવાથી અહીં મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળતો હતો.

ઉનાવાના બુથ નં. ૧માં ૮૧.૬૦ ટકા મતદાન નોંધાયું છે તો પીંપળજના એક બુથમાં ૫૫.૧૦ ટકા મતદાન નોંધાયું છે. આ બેઠકમાં ૧૧ મતદાન મથકો હતા. ઉનાવાના ૬ મતદાન મથકો પર ભારે મતદાન થયું છે.

નોંધાયેલા ૯૫૬૦ મતદારોમાંથી ૩૪૮૩ પુરુષ અને ૨૯૨૫ મહિલા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

આજે યુવા મતદારો અને મહિલા મતદારોએ પણ મતદાનમાં ભારે રસ દાખવ્યો હતો. મતદાન દરમિયાન કોઈ જ અનિચ્છનીય ઘટના નોંધાઈ નથી.

મતદાન મથકો પર ભાજપના મહામંત્રી આઈ.બી. વાઘેલા, પ્રમુખ શોભનાબેન વાઘેલા, કોંગ્રેસના જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર સમિતિના પૂર્વ પ્રમુખ મુકેશ પટેલ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એલ.

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાત સંતો-મહંતોની વિરાસત ભૂમિ છે, તેમની કૃપાથી ગુજરાતનું ભવિષ્ય ઉજજ્વળ

**શ્રીમદ રાજચંદ્ર મિશને આદિવાસી ક્ષેત્રમાં ધર્મ સાથે સામાજિક ઉત્તરદાયિત્વની ભાવનાથી સૌના કલ્યાણ માટે કેન્દ્રબિંદુ પ્રસ્થાપિત કર્યું છે : વિજયભાઈ રૂપાણી**

ગાંધીનગર, તા.૨૯

શ્રીમદ રાજચંદ્ર મિશનની રજતજયંતિ સમારોહ અવસરે પુ. રાકેશભાઈ અને બીએપીએસ સંપ્રદાયના પુ.ગુરુજી બ્રહ્મવિહારી સ્વામીના ગુજરાત સમૃદ્ધ, સુખી, સંપન્નતા સાથે સામાજિક સમરસતાનું કેન્દ્ર બને તેવા આશીર્વાદ મુખ્યમંત્રીશ્રીએ મેળવ્યા હતા. વિશ્વ વ્યાપી આધ્યાત્મિક સંસ્થા શ્રીમદ રાજચંદ્ર મિશનની ધરમપુર ખાતે સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતિ મહોત્સવ અવસરે વિશાળ સમિયાણામાં ગુજરાતની વિશ્વભરમાં પ્રતિષ્ઠાની ગાથા વર્ણવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતીઓ માટે અહોભાવ છે. ધર્મપરાયણ, અહિંસક, સંસ્કારી, વેપારી અને સૌમ્ય એ બધાના મુળમાં ગુજરાતમાં સંતો-મહંતોના આશીર્વાદ સાથે ગુજરાતનું ભવિષ્ય ઉજળું બન્યું છે. ગુજરાત સંતો-મહંતોની ભૂમિ છે. ગુજરાતને આ વિરાસત અને વારસો એ પ્રતિષ્ઠા અપાવે છે. લોકોની ચિંતા કરીને જીવન લોકસેવામાં સમર્પિત કરીને લોકચેતનાની મિશાલ સંતશકિતએ પુરી પાડી છે.

પુ. ગુરુજીના સાનિધ્યમાં અનેક પરિવારો ધર્મ પ્રત્યે આસ્થા કેળવીને પરમાત્માં તરફ આગળ વધ્યા છે, તેવો અહોભાવ વ્યકત કરી, મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શ્રીમદ રાજચંદ્ર મિશને આદિવાસી ક્ષેત્રમાં ધર્મ સાથે સામાજિક ઉત્તરદાયિત્વની ભાવનાથી સૌના કલ્યાણ માટે કેન્દ્રબિંદુ પ્રસ્થાપિત કર્યું છે.



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Kisan ashirvad Jaquar experience bathing DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com